વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૩૯ : અંક - ૫ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : માર્ચ ૬, ૨૦૨૧

# ટેક્નોલોજી અમારી નિસરણી

# "ફાલતુ મજુરી?" "ના, કારીગર છીએ"

બાંધકામ ઉદ્યોગમાં ટેક્નોલોજી, કામની પદ્ધતિમાં બદલાવ આવ્યો. આ બદલાવની સીધી અસર કામદારો ઉપર થઇ. કામના દિવસો ઘટી ગયા અને સમજાયું કે, કામદારોએ પોતાની આવડત વધારવી પડશે અને નવી આવડતો શીખવી પડશે. આ માટે 'સેવા'એ 'લાર્સન એન્ડ ટુબ્રો' (એલ. એન. ટી.) સાથે રહી આની તાલીમો શરૂ કરી. અત્યાર સુધીમાં ૩૩૦ બહેનોએ જુદી-જુદી આવડતો પદ્ધતિસર લેવાની શરૂ કરી. તેમાં ચણતર-પ્લાસ્ટર, ટાઇલ્સ લગાડવાનું, પ્લમ્બિંગ, બાર બેન્ડિંગ, પથ્થર લગાવવા, બ્લોક લગાવવા વગેરેનો સમાવેશ થાય છે. આ બધી તાલીમ લીધેલી બહેનોમાંથી માસ્ટર ટ્રેનર પણ તૈયાર કર્યા છે જેઓ બીજા બહેનોને તાલીમ આપે છે. હાલમાં જ જે તાલીમ પૂરી થઇ તેમાં, થિયરી અને પ્રેક્ટિકલની તાલીમ લીધેલા પાંચ બહેનો પોતાના નાના કામ રાખી રોજગાર મેળવવાનું શરૂ કરી દીધું છે. 3 બહેનો માસ્ટર ટ્રેનર બની બીજા બહેનોને તાલીમ આપે છે. 4 બહેનો રચયિતા મંડળીની સાઇટ પર કામ કરે છે. તેઓ કડિયા પુરુષો સાથે ખભેખભો મિલાવીને કડિયાકામ કરે છે. આ બહેનોએ તાલીમ લીધા પહેલા, આપણે પૂછીએ કે બેન શું કામ કરો છો ? તો કહે, 'ફાલતું મજૂરી કરીએ છીએ.' તેમને પહેલાં પોતાના કામની પણ ઓળખ નહોતી. આ તાલીમથી તેઓ પોતાના કામને ઓળખતા થયા કે અમે 'કડિયાકામ' કરીએ છીએ અને હવે અમે ચણતરકામ કરીએ છીએ. એકલા તગારા કે ઇંટો, રેતી કે કાંકરા ઊપાડવાનું કામ નથી કરતા. અમે આવડતવાળા કામ કરીએ છીએ...

પરમાર નિકિતાબેન હાલમાં બી.કોમ. કૉલેજ કરે છે. કોરોનાને કારણે ઘરે બેઠા અભ્યાસ ચાલુ છે. તેમણે કહ્યું, 'અમારા વિસ્તારમાં સેવાએ કડિયાકામની તાલીમ ગોઠવી. તો મને પણ તાલીમ લેવાની ઇચ્છા જાગી એટલે ભણતર સાથે ચણતર કરવાનું ચાલુ કર્યું! મારો આ તાલીમ લેવાનો એક જ હેતુ હતો કે અત્યારે બધે ભ્રષ્ટાચાર ચાલે છે, આપણા એરિયામાં કોઈ રોડ બનતો હોય અથવા આંગણવાડી બનતી હોય તો કોન્ટ્રાક્ટરો રેતી વધારે અને સિમેન્ટ ઓછી અને પૂરતું મટિરિયલ વાપરે નહીં એટલે પાંચ વર્ષમાં મકાન તૂટવા લાગે અને રોડ તો બે-ત્રણ મહિનામાં તૂટી જાય. જો આપણે આવી તાલીમ લીધેલી હોય તો જ્યાં મટિરિયલ ઓછા વાપરી કામો કરતા હોય તેવા કામો અટકાવી શકીએ.

જેનો ફાયદો શ્રમજીવીઓનાં સમુદાયને થાય. વળી, આપણું પોતાનું ઘર બનાવવું હોય તો આપણે છેતરાઈએ નહીં. બરોબર મટિરિયલ અને માપથી લેવડાવી શકીએ. વળી દીવાલ કેવી હોવી જોઈએ, ઈંટો કેટલી ગોઠવવી જોઈએ, પાર્ટિશન ક્યારે થાય, નવનું ચણતર ક્યારે, 18નું ચણતર વગેરે જાણકારી હોય તો કામમાં કોઈ લોચા ના પડે. હું જે શીખી છું તેની માહિતી બીજા શ્રમજીવીઓને આપીશ ને પોતાના કામથી વંચિત ના રહી જાય એટલે જાગૃત કરીશ.'

વર્ષાબેન સોલંકી કહે છે કે, મારે બે બાળકો છે. મારે જીવનમાં કાંઈક કરવું છે. હાલમાં 12 ધોરણની પરીક્ષા આપવી છે, તો તેની તૈયારી કરું છું અને સાથે આ તાલીમ લેવા આવું છું. આ કામ શીખવાથી આવક સારી છે, એમાં સવારે કામે જઈએને

સાંજે હાથ ધોઈને 400થી 500 રૂપિયા રોકડા લઈને આવીએ. કોઈના ઓશિયાળા ના રહીએ જો હાથમાં આવડત હોય તો... આ તાલીમો દરેક વિસ્તારમાં બહેનોને અપાવવા માંગું છું.'

આશાબેન અજયભાઈ ઓડ 'મારી માતાના ઘરે ગધેડા પર ઈંટો અને રેતી ભરી બાંધકામની સાઇટો પર ફેરા કરતી. પરંતુ હવે તાલીમમાં ચણતરકામ એટલે ઈંટો કેવી રીતે ગોઠવવી, કેટલો માલ નાંખવો ને સિમેન્ટ કેટલો વાપરવો, રેતી કેટલી લેવી એ બધી સમજ આવી ગઈ. હું પણ કડિયાભાઈ સામે ઊભા રહી ઈંટો ગોઠવીશ અને આવડતના કામના પૈસા વધારે કમાઇશ. આ તો આવડતની વાત હતી. મેં સેવા બૅન્કમાં ખાતું ખોલાવ્યું ને બે મહિનાથી 100 રૂપિયા બચત કરવાનું શરૂ કર્યું . પહેલાં મને કોઈની સામું બોલતા બીક લાગતી. હવે કોઈ સાહેબ કે બેન હોય તો તેને હું સવાલ કરી જવાબ પણ માંગી શકું છું.'

નીલમબેન ભરતભાઈ રાઠોડ. 'હું ૯ પાસ છું. સેવા અને એલ. એન. ટી.દ્વારા ચાલતી ટ્રેનિંગમાં જોડાઈ છું. જેમ કે, આ ટ્રેનિંગમાં આવ્યા પછી મને આ સાધનના વિશે ખબર પડી. ટ્રોવેલ, સ્પિરિટ લેવલ, દોરી અને ખીલીઓ, ઈંટની હથોડી, ક્લબ હેમર, કાટખૂણો જેવા સાધનો વિશેની માહિતી મળી.

લોકો એવું કહેતા હતા કે કડિયાકામ ના કરવું જોઈએ તોય આ તાલીમ લેવા માટે આવી. તાલીમ લીધા પછી સુપરવાઇઝર, મેનેજરની પોસ્ટ હોય છે. હું મારા છોકરાઓને એન્જિનિયર બનાવીશ.'

વર્ષાબેન મનીષભાઈ સોલંકી કહે, 'હું ક્યારેય ઘરની બહાર નીકળી નથી, આ તાલીમથી હું મારા પગ ઉપર ઊભી રહીશ. મારા છોકરાઓને એન્જિનિયર બનાવીશ. ચણતર, પ્લાસ્ટર કરવું, ઈંટો કેવી રીતે વાપરવી, ચણતરમાં કયા સાધનો વાપરવા તેમજ મેઝર ટેપ, થાપી-પાવડો, લેવલ દોરી, રાઇટ એંગલ જેવા સાધનોની પૂરી ઓળખ થઈ.'

મિતલબેન દિનેશભાઈ સોલંકી કહે, 'મારાં મમ્મી-પપ્પા કડિયાકામ કરે છે. મારી માએ આખી જિંદગી મજૂરી કરી અને કારીગરનું કામ કરે, પણ મારા માને કારીગરનું કામ ન આવડ્યું. મેં વિચાર્યું કે તો હું આ કારીગર બનવાની કેમ તાલીમ ના લઉં? હું પણ મારા પપ્પાની જેમ કારીગર બનીને વજન ઉપાડવું ના પડે ને આવડતવાળા કામથી પૈસા પણ વધારે મળે તે જ શીખું. એટલે હું આ તાલીમમાં 4 બોન્ડ શીખી. કેટલા માપથી, કેટલું મટિરિયલ મિક્સ કરી વાપરવું તે શીખ્યા. બાર બેન્ડિંગ એટલે સળિયાકામ, ધાબા ભરતા બાંધવામાં આવે તે શીખ્યા. મારા પપ્પા સળિયાકામને સલિયાકામ કહે પણ તેને બાર બેન્ડિંગ કહેવાય તે સમજ પડી. સિમેન્ટ રેતી કેટલા માપથી વાપરવી તે પણ શીખવા મળ્યું ને બીજી બચત વિશે ને શિક્ષણ વિશે સેવાના બહેનોએ માહિતી આપી અને સંગઠનની માહિતી આપી.'

મકવાણા ગૌરીબેન કહે છે, 'સાધનો ઓળખતા થયા અને મટિરિયલની માહિતી મળી. આગળ જઈને અમે પણ કડિયા બની પાલખ પર ચઢી પુરુષોની જેમ ઈંટો ગોઠવતા હશું અને પુરુષ જેટલી જ મજૂરી લઈશું. જોજો ને...'

રેણુકાબેન સોલંકીનાં મમ્મી-પપ્પા કડિયાકામ કરે છે. તેમને થોડી ઘણી માહિતી હતી પણ મમ્મી-પપ્પાને કામમાં મદદ કરી શકું એટલે માટે તાલીમોમાં જોડાઈ. જો મારામાં કામની આવડત વધશે તો મારા કુટુંબને મદદરૂપ થઈશ. આ તાલીમ બહેનો માટે ખરા અર્થમાં જીવનમાં મજૂરીથી એક સ્કિલ્ડ 'કારીગર' સુધીની સફરનાં ખૂબ જ મહત્ત્વનાં પડાવ સુધી પહોંચવાની નિસરણી છે.

આવડત વધારવાની કે નવી આવડત માટે જુવાન બાંધકામ કામદાર બહેનો કે બાંધકામ કામદાર બહેનોની દીકરીઓ-વહુઓનો ઉત્સાહ ખૂબ છે. ખૂબ ઝડપથી આ બદલાવ સાથે કદમ મિલાવી રહી છે. બાંધકામ કામદાર વેલ્ફેર બોર્ડમાં કરોડો રૂપિયા 'સેસ'ના વણવપરાયેલાં પડયાં છે. આવી તાલીમો વેલ્ફેર બોર્ડમાંથી અપાય તો બાંધકામ મજૂરોની આવક મજબૂત થાય તેમજ આવકમાં વધારો થાય.. એ જ અમારી સૌની તડપત છે.

**— રમીલા પરમાર**

❑

# બીડી કામનો વિકલ્પ શું?

**"સેવા" પશ્ચિમ બંગાળ..**

મુર્શિદાબાદ..

હજ્જારોની સંખ્યામાં બીડી કામદાર બહેનો. તેમનાં જીવંત કુટુંબની આજીવિકા બીડીની કમાઇ પર આધારિત.

'સેવા બાંગલા' અહીં ૧૬ વર્ષથી સંગઠનનું કામ કરે. ગયા વર્ષથી આ બીડી વાળનાર બહેનોની કામની તકલીફ શરૂ થઇ. બે તકલીફો. એક, કામ મળતું ઓછું થયું અને બે, ૧૦૦૦ બીડીએ મળતો ભાવ ઓછો થયો. કારણો માટે ઉંડાણમાં ઉતરતાં બેનોએ જણાવ્યું કે, જી.એસ.ટી બીડી પર લાગ્યો અને બીડીનું વેચાણ ઘટયું..

બેનો પાછું ઉમેરે કે, પણ આવું શક્ય કેમનું થાય ? બીડીનો વપરાશ એક જ વર્ષમાં આટલો બધો ઘટે કેમનો ?

સવાલો ઉપર સવાલો..

બીજોલી બેનની ઉંમર 25 વર્ષ છે. તેઓ પતાકા કંપની માટે બીડી વણે છે. છેલ્લા 12 વર્ષથી તેઓ આ કામ કરે છે. તેઓ રોજની 500થી 700 બીડીનું કામ કરી શકે છે. તેમણે જણાવ્યું કે 'ગયા વર્ષે લૉકડાઉન પહેલાં અઠવાડિયામાં પાંચ દિવસ કામ મળતું પણ હવે ફક્ત બે જ દિવસ મળે છે. વળી ગયા વર્ષ સુધી 1000 બીડી બનાવવાનાં 152 રૂપિયા મળતાં જે હવે ઘટીને 130-140 થઈ ગયા છે. કારણ કે એવું જાણવા મળ્યું છે કે ઓછા વેચાણને કારણે કંપનીઓ બંધ થઈ રહી છે.' કંપનીઓ કેમ બંધ થઈ રહી છે એ સવાલનો જવાબ આપતા 29 વર્ષનાં આશાફુનબેન કે જેઓ પણ પતાકા કંપની માટે બીડી વણે છે, તેમણે કહ્યું, 'કંપનીમાલિક એવું કહે છે કે, બીડી ઉપર જી.એસ.ટી. લાગે છે એટલે બીડી બનાવવી મોંઘી પડે છે અને બીજી બાજુ વેચાણ પણ ઘટ્યું છે.'

આવકમાં ઘટાડો થતાં તેમનાં જીવનમાં શું બદલાવ આવ્યો છે તે વિશે પૂછ્યું ત્યારે બિજોલી બેને દુઃખી મને કહ્યું, 'બાળકોને પ્રાઈવેટ શાળામાંથી ઊઠાડી સરકારી શાળામાં મૂકી દીધા છે. ટ્યુશન પણ છોડાવી દીધું. સવાર-સાંજ બાળકોનાં અને અમારા નાસ્તામાં કાપ મૂકી દીધો છે.' અન્ય એક બીડી કામદાર પિન્કી બેને કહ્યું, 'ઘરની જરૂરિયાતોને પહોંચી વળવા મેં હવે બીડી ઉપરાંત ખાલી દિવસોમાં જૂના કપડાનું રિપેરીંગ, માસ્ક સિવવાનું કામ શરૂ કર્યું છે.'

બીજી તરફ લાલગોલા બ્લોકની કેટલીક બહેનો કે જે સ્થાનિક બીડી એકમો સાથે કામ કરે છે તેમની સાથે પણ થોડીક વાતો થઈ. રેનુબેવાબેનની ઉંમર 50 વર્ષ છે. તેઓ 13 વર્ષની ઉંમરથી બીડીનાં કામ સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું કે, 'લૉકડાઉન પહેલાં અને અત્યારે પણ અમને અઠવાડિયે 4-5 દિવસનું કામ મળે છે. ગયા વર્ષે 1000 બીડી બનાવવાનાં 130 રૂપિયા મળતાં અને આજની તારીખે પણ એટલાં જ મળે છે.'

બેનોની વ્યથા જોઈ. પણ, થોડો ચિતાર, મુર્શીદાબાદના બીડી ઉદ્યોગની જોઈએ કે જ્યાં સેવા કામ કરે છે તે મુર્શીદાબાદ જિલ્લાના રઘુનાથ ગંજના ૧ અને ૨ બ્લોક તથા સુતી અને લાલગોલા બ્લોક. આટલા માં જ સેવાએ ૧૫૦૦૦ બીડી કામદાર બેનોને સંગઠિત કર્યા છે. સમગ્ર પશ્ચિમ બંગાળમાં કુલ બીડી કામદારોમાંથી ૮૪% બીડી કામદાર બહેનો છે. મુર્શીદાબાદ જિલ્લાની પાછી વાત કરું તો અહીં રોજગારીની તકો ઓછી હોવાથી ઘરનાં પુરુષ રોજગાર માટે સ્થળાંતર કરે છે. જેઓ બંગાળના બીજા જિલ્લાઓ તથા દેશના બીજા રાજ્યોમાં જઈને મજૂરી કરે છે. આમ, કુટુંબથી પુરુષો દૂર... કામ અને ઘરની જવાબદારી બહેનોની... પુરુષ અને સ્ત્રી બન્ને કમાય ત્યારે ઘર-કુટુંબનું ભરણપોષણ થાય. અને ત્યારે બીડી વાળવાનું કામ જ ઓછું મળતું થાય ત્યારે કુટુંબ કેમનું ચલાવી શકાય? અધૂરામાં પુરું, સરકારે બીડી કામદારોના પલ્યાણ મટેનો કાયદો કે જેમાંથી જુદી-જુદી કલ્યાણકારી યોજનાઓથી તેમને સામાજિક સુરક્ષાનું કવચ મળતું હતું તે કાયદો પણ રદ્દ કરે દીધો! બીજો વિકલ્પ ગોઠવ્યા વગર.. આનાથી તો બેવડો માર બીડી કામદારોને થયો.

## બીડીઓ વાળનારીનું ગીત

**બીડીઓ વાળો ! બીડીઓ વાળો ! બીડીઓ વાળો ...રે !**
**નિરાધાર, બીડીઓ વાળો...રે !**
**બાર પૈસાની પાંચસો લેખે બીડીઓ વાળો...રે!**

**ભૂખ લાગી છે - બીડીઓ વાળો!**
**ઊંઘ આવે છે - બીડીઓ વાળો !**
**આંખમાં લાગી અગન-ઝાળો : બીડીઓ વાળો...રે !**
**પાછલી રાતે, પો'ર દી થાતે, બીડીઓ વાળો...રે !**
**નિરાધાર, બીડીઓ વાળો...રે !**

**મીઠાં મીઠાં ઝોલાં આવે..**
**પાંદડાં જડદો ગાવડી ચાવે,**
**વાણિયો કાંટોકાંટ તોળાવેઃ બીડીઓ વાળો...રે!**
**ઓછું થતાં, દામ કપાતાં બીડીઓ વાળો.... રે !**
**નિરાધાર, બીડીઓ વાળો.રે !**

**પાંદડાં કાપું - આવતી નીંદર,**
**આંગળી વાઢે ઊંઘમાં કાતર,**
**ટેરવાં તૂટે વટતાં સૂતર : બીડીઓ વાળો.... રે !**
**હાંફતી છાતી, ખાંસીઓ ખાતી, બીડીઓ વાળો....રે !**
**નિરાધાર, બીડીઓ વાળો...રે !**

**— ઝવેરચંદ મેઘાણી**

મુર્શીદાબાદમાં બે પ્રકારે બીડીનું કામ ચાલે છે. સ્થાનિક કે જેને લાઈન એકમો કહે છે. અને બીજી બીડીની કંપનીઓ, લગભગ ૭૦% બહેનો સ્થાનિક બીડી વાળે છે અને ૩૦% બહેનો કંપનીઓ માટે બીડી બનાવે. પણ, આ બન્ને પ્રકાર વચ્ચે સામ્યતા એ કે, બહેનોને કામ ''મહાજન'' વતી જ મળે! ''મહાજન'' એટલે કે વચેટિયાઓ.. હા, બીજો ફેર એ કે, કંપનીઓ માટે જે બહેનો બીડી વાળતાં હોય તેનો પી.એફ. કપાય.. બીજાનો નહિ.

બહેનો સાથેની વાત આગળ વધી અને મમતાહિના બેગમ જે છેલ્લાં 20 વર્ષથી બીડી કામદાર છે તેમણે જણાવ્યું, 'બીડીનું કામ 6-7 વર્ષથી ધીરેધીરે ઓછું થતું જાય છે. એવું સાંભળવા મળે છે કે આ કામ બંધ થઈ જશે એક દિવસ… ત્યારે મનમાં વિચાર આવે છે કે બીડીનું કામ બંધ થઈ જશે તો બીજું શું કામ કરીશું…?' મમતાહિનાબેનનો સવાલ એ કદાચ અત્યારની પરિસ્થિતિ જોતાં દરેક બીડી કામદાર બેનનાં મનને મુંઝવતો હતો…. બીડી કામનો વિકલ્પ શું..??

(વધુ આવતા અંકે)

**– મહાશ્વેતા**

❑

# 'ટેલિમેડિસિન'… અસંગઠિત ક્ષેત્રનાં શ્રમજીવીઓ નવો ઉપચાર…

કોરોના તથા લૉકડાઉન દરમિયાન બહેનોને આવતી આરોગ્ય અંગેની તકલીફોનું નિરાકરણ કરવા માટે આ ટેલિમેડિસિન, એટલે ઘરે બેસીને ટેલિફોન દ્વારા ડૉક્ટર સાથે વાતચીત અને સારવાર એવો વિચાર પ્રયોજવામાં આવ્યો. આ પદ્ધતિમાં બહેનો ઘરેથી જ ફોન દ્વારા સેવા ટેલિમેડિસિનના નંબર પર ફોન કરી ડૉક્ટર સાથે વાત કરે અને તેમને જરૂરી દવાઓ મેસેજ દ્વારા સૂચવવામાં આવે.

આ આખો નવો જ વિચાર હતો. શ્રમજીવી બહેનોને આ સમજાવવાનું અઘરું હતું. પણ સમય જ ખરાબ હતો. કોરોના અને લૉકડાઉનના લીધે ઘરની બહાર નીકળવું શક્ય ન હતું. વિસ્તારોમાં ડૉક્ટરના દવાખાનાં પણ બંધ હતાં. બહેનોના ફોન આવવા લાગ્યાં કે ઘરમાં માંદગી છે પણ કરીએ શું? અસંગઠિત ક્ષેત્રની શ્રમજીવી બહેનોની આ જરૂરિયાતમાંથી જ ટેલિમેડિસિન વ્યવસ્થાના વિચારના આવ્યા. આપણી બહેનો રૂબરૂમાં ડૉક્ટરને મળીને દવા લેવાં જ ટેવાયેલી હતી તેથી આ ટેલિમેડિસિનમાં તેમનો વિશ્વાસ લાવવાનું કામ મુશ્કેલ હતું, પણ લૉકડાઉન અને કોરોનાકાળે ઘણું બધું શીખવી દીધું. ધીમે ધીમે આપણી શ્રમજીવી બહેનો આ વ્યવસ્થાનો લાભ લેવાં માંડી.

આશરે એક વર્ષથી ચાલતી આ વ્યવસ્થાનો લાભ આજે રોજેરોજ ઘણી બહેનો લે છે. પરંતુ શરૂઆતમાં થોડી અડચણો આવી. બહેનો માટે આ વ્યવસ્થા તદ્દન અજાણી હોવાના લીધે શરૂઆતમાં તેઓ ફોન કરતાં ગભરાતાં. આપણાં ફોન નંબર લઈ સરકારમાં આપીને આપણને કોરોના હૉસ્પિટલમાં દાખલ કરી દેશે એવો ભય તેમને થવા લાગ્યો. પરંતુ સેવાના આગેવાન તથા માસ્ટર ટ્રેનર બહેનો દ્વારા વારંવાર તેમને આ ટેલિમેડિસિનના ફાયદા સમજાવવામા આવ્યાં. ધીમે ધીમે તેઓ એટલી મેડીસીનનો લાભ લેવાનું શરૂ કર્યું અને મોટી સંખ્યામા પોતાના સ્વાસ્થ્ય અંગેની તકલીફો માટે સેવા ટેલિમેડિસિન સાથે જોડાતા ગયા.

બહેનો માટે આ સુવિધા ખૂબ જ આશીર્વાદરૂપ નીવડી. બહેનો સામાન્ય આરોગ્યની તકલીફો માટે દવા લેવા જતી નથી કારણ કે દવાખાને જવા માટે એમને એમના કામ ઉપર રજા પાડવી પડે, જેથી દૈનિક ભથ્થું ગુમાવવું પડે, ઘરકામ અટકી પડે. પોતાની પાસે રહેલા પૈસા પોતાના બાળક અને અન્ય કુંટુબીજનો ઉપર ખર્ચે પરંતુ પોતાની ઉપર ખર્ચવાનું તેને જલ્દી ન પાલવે. આ બધા કારણોને લીધે એ પોતાની તકલીફો મૂંગે મોઢે સહન કરતી રહે. જો બહુ જ તકલીફ વધે તો દવાની દુકાને જઈને દવા ગળી લે, પરંતુ ડૉક્ટરને બતાવવા જવાનું ટાળે. ટેલિમેડિસિન દ્વારા તેમને ઘરે બેસીને ફોન દ્વારા નિઃશુલ્ક સારવાર મળી શકે છે. તેઓને રજા પાડીને દવાખાને ગયા વગર, રિક્ષા કે શટલ ભાડું ખર્ચ્યા વગર જ ઘરે બેસીને સારવાર ઉપલબ્ધ બની શકે છે. જ્યારે આગળ તપાસ અને નિદાનની જરૂર હોય ત્યારે તેઓને સંલગ્ન ડૉક્ટરો કે હૉસ્પિટલમાં જવાની સલાહ પણ આપવામાં આવે છે, પરંતુ પ્રાથમિક સ્તરની સારવાર અને સમસ્યા અંગેનું માર્ગદર્શન ઘરે બેઠા જ શક્ય બન્યું છે.

બે બહેનોના ઉદાહરણ અહીં નોંધુ છું.

કાપડની ફેરી કરતાં ફરીદાબેન અલ્લાઉદીન સૈયદ પાટડી ગામના છે. એમની ઉંમર 51 વર્ષની છે. 10 વર્ષ પહેલા રાજકોટ એમને હૃદયમાં વાલ્વનું ઑપરેશન કરાવેલું હતું. છેલ્લા ચારથી પાંચ મહિના સુધી સતત માથું દુખે અને ચક્કર આવતા હતા અને જમણો હાથ પકડાઈ જતો હતો, પાટડીમાં નવી હૉસ્પિટલ બની ત્યાં ૬૦૦૦ રૂપિયાના રિપોર્ટ 15 દિવસ પહેલા જ કરાવ્યા હતા પણ તોય ફેર ના પડ્યો, એટલે ફરીદાબેનને એવું લાગતું હતું કે મારે ઑપરેશન કરાવેલું છે એટલે દુખતું હશે. તેમણે સેવાના સંગઠક મુમતાઝબેન દ્વારા ટેલિમેડિસિનમાં ફોન કરાવ્યો. ડૉક્ટરે એમના ઑપરેશનના બધા રિપોર્ટ વૉટ્સએપ દ્વારા મંગાવ્યા અને પાટડીમાં જે 15 દિવસ પહેલા રિપોર્ટ કરાવ્યા હતા તે પણ મંગાવ્યા, આ બધા રિપોર્ટ પરથી ડૉક્ટરે સલાહ આપી કે તમને ઑપરેશનના લીધે ચક્કર, માથું કે હાથ નથી પકડાઈ ગયો પણ તમારા મગજમાં લોહી ઓછું પડે છે તેના લીધે આ થાય છે. પછી ડૉક્ટરે દવા લખીને વૉટ્સએપથી મોકલી. દવા ચાલુ કર્યાના થોડા જ સમયમાં તેમને ફાયદો થવા લાગ્યો. ટેલિમેડિસિન થકી તેમનું સચોટ નિદાન અને સારવાર શક્ય બન્યા.

ખેતીકામ કરતાં બાયડ તાલુકાના સણગાર ગામના વજીબેન સેવાના સભ્ય બેન છે, બચત મંડળમાં જોડાયેલ છે. 1 વર્ષથી કમરમાં તકલીફ હતી. ઘરમાં પૈસાની તકલીફ હોવાથી મોટા દવાખાનામાં જવાનું ટાળતા હતાં. કોરોનામાં દવાખાને જઈશ તો કદાચ મને પણ દાખલ કરી દે તો...? આવી બીક પણ લાગતી હતી. ટેલિમેડિસિનમાં સલાહ લીધા પછી તેમણે કમરનો એક્સ-રે કઢાવ્યો જેમાં ગાદી ખસી ગઈ હોવાનું માલુમ પડ્યું. ડૉક્ટરની સલાહ પ્રમાણે કસરત અને દવાઓ લેવાથી મહદ્અંશે ફાયદો થઈ ગયો. એક વર્ષથી થતી હેરાનગતિમાંથી એ મુક્ત થઈ શક્યા.

એવા ઘણા બધાં દાખલા છે કે જેમાં બહેનો ઘણા લાંબા સમયથી ચામડીના રોગોના લીધે હેરાન થતી હોય પણ ટેલિમેડિસિનમાંથી સારવાર લીધા બાદ તેઓને જે તે તકલીફમાંથી રાહત મળી હોય.

અત્યાર સુધી દસેક જિલ્લાના ૩૦૦૦થી વધુ બહેનો આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે. અસંગઠિત ક્ષેત્રની વધુમાં વધુ બહેનો આ ટેલિમેડિસિન સુવિધાનો લાભ લે અને આરોગ્ય સુધરે તેવી આશા સાથે...

**– ડૉ. માનસી**

❑

# મનરેગા અમારી પડખે

ગામડામાં ખેતી પશુપાલનના કામથી આર્થિક સ્થિતિ ડામાડોળ થતાં અટકી, પરંતુ વધુ વરસાદ, અતિશય ગરમી, અતિશય ઠંડી, માવઠું વગેરે જેવા પ્રશ્નોએ મોસમ પરિવર્તનની તીવ્ર અસરો ખેતી પર જોવા મળી. વળી, કોરોના મહામારીના લીધે થયેલી અર્થતંત્ર પરની અસરો બધા પરિબળોને કારણે ગરીબ શ્રમજીવી પરિવારોને રોજગાર મેળવવામાં અસર થઈ. સ્થળાંતર કરી બીજા કામમાં પરોવાયેલા સભ્યોને નવું કામ શોધવું પડ્યું. વળી કામ મળે ના મળે, ફેક્ટરીમાં કામ અડધું મળે વગેરે જેવા પડકારો તો ખરા જ... સેવા સંગઠન દ્વારા સભ્યોની રોજગારીના વિકલ્પો મળી રહે તે દિશામાં કામ કર્યું. ભારત સરકારશ્રી દ્વારા મનરેગા યોજનાને કોરોના મહામારીના સમયને અનુલક્ષીને રોજગારીના દિવસો વધાર્યા. આ મનરેગાનું કામ ગામેગામ શરૂ થાય અને જરૂરિયાતવાળા પરિવારોને કામ મળે તે હેતુથી સંગઠનના બહેનોએ પંચાયત જોડે સંકલન કર્યું અને વિવિધ ગામોમાં આ કામો ચાલું કરવા રજૂઆત કરી. આ માટે ખાસ આવેદનપત્ર દરેક જીલ્લામાં કલેક્ટરશ્રીને આપવામાં આવ્યું.

મનરેગા દ્વારા ગામોમાં રોજગારીની તક ઊભી થાય છે. આ દ્રષ્ટિએ વિવિધ જિલ્લાઓમાં થયેલા પ્રયાસો જોઈએ.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં કોરોનાની મહામારીને કારણે ઘણા સભ્યોને રોજગારીમાં અસર થઈ. ખાસ કરીને ખેતરોમાં કે અન્ય જગ્યાએ સભ્યોને રોજગારી મળતી બંધ થઈ ગઈ. સરકારશ્રી દ્વારા જાહેર કરેલા રાહત પેકેજ મર્યાદિત સમયના હતા. સભ્યોના સતત સંકલનથી જાણ્યું, બહેનોએ માંગ કરી કે અમારે કામ જોઈએ છે. ગામમાં ભાઈઓ પાસે કામ નથી, ઘરમાં અનાજની ઘટ છે, સભ્યોની રજૂઆત સાંભળી. બહેનો દ્વારા સરકારમાં રજૂઆત કરી 6 ગામમાં મનરેગાના કામ શરૂ કરવાની માંગણી કરી. હાલમાં માલપુર તાલુકાનાં છેવાડાના 4 ગામમાં કામ શરૂ થયું છે. કુલ 387 સભ્યો રોજગારી મેળવી રહ્યા છે. આ કામ કરવામાં ગામના સરપંચશ્રીનો પણ સહકાર મળ્યો.

રેશમબેન મનુભાઈ સોલંકી, ગામ - મુખીના મુવાડા, તા. બાયડ, જિલ્લો-અરવલ્લી, પહેલા અમે મનરેગાની તાલીમ લીધી હતી અને જ્યારે અમને ખેતમજૂરી સિવાય કામ ના મળે તો અમે ચોકડી ખોદવા માટે જતા હતાં. જ્યારે લૉકડાઉનમાં ઘરે બેસીને ખાવા માટે કોઈ સગવડ નહોતી તો અમે ચોકડી ખોદવા જતા હતા. અમે ત્યાં માસ્ક બાંધી, સોશિયલ ડિસ્ટન્સ જાળવી આ કામ કરતાં. ત્યારે અમને 1000 રૂપિયા અને 35 કિલો રાશન ફ્રી મળતું હતું. ચેકથી રોજગારી ચૂકવતાં હતા અને જોબકાર્ડ સિસ્ટમ હતી અને અમને પંચાયત દ્વારા આ કામ આપવામાં આવતું. દિવસના 250 રૂપિયા રોજ આપવામાં આવતાં.

સાકરીબેન મોહનભાઈ ખાંટ, ગામ ખલીકપુર, તા. માલપુર, જિલ્લો-અરવલ્લી, અમે તળાવમાં ચોકડીઓ ખોદતાં હતાં. કે, જેમાં વરસાદનું પાણી ભરાય અને પાણીનો બચાવ થાય. અમારા જોબકાર્ડ ઉપર રોજગારી ભરાતી હતી. પૈસા ખાતામાં જમા થતાં હતાં. 224 રૂપિયા ઉચ્ચક રોજગારી મળતી. કામ કરતાં તે પ્રમાણે રોજ મળતો. લૉકડાઉન હતું, જેથી કોઈ કામગીરી હતી નહીં. છોકરા પણ ઘેર આવી ગયા હતા પણ આ મનરેગાની કામગીરી મળી જે અમને ખૂબ મદદરૂપ થઈ.

આણંદ જિલ્લામાં કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપ્યું, જેના અનુસંધાને આણંદ જિલ્લાના 70 ગામમાં મનરેગાના કામ દ્વારા 6800 સભ્યોને માટીકામ મળ્યું. જેમાં તળાવનું કામ, ખેતરના રસ્તા સફાઈ કામ, વાડ કાપવાનું કામ મળ્યું છે. 1,16,00,000ની રકમની ચૂકવણી થઈ ગઈ છે.

સેવા સંગઠન દ્વારા રજૂઆત કરતાં સોજીત્રા, તારાપુર, ખંભાત તાલુકાના ગામમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીએ

ગામના સરપંચશ્રીઓને જાણ કરી. કુટુંબોને રોજગારી મળે તે માટે વાત કરી. સેવાના માસ્ટર ટ્રેનર પણ ગામના કુટુંબોને નવા જોબકાર્ડ મળે અને સભ્યોને કામ મળે તે માટે ઝુંબેશ ચલાવી રહ્યા છે. મનરેગા હેઠળ વધુ કામ મળે એ માટે સંકલન કરવામાં આવે છે.

ઉટખરી ગામમાં સુંદલબેન ચૌહાણ આગેવાન છે. તેઓ ઘણા વર્ષથી 230 કુટુંબોને મનરેગાનું કામ અપાવે છે. આ માટે તેઓ પોતે તાલુકા પંચાયતમાં જાય છે. સમયસર સભ્યોના ખાતામાં રકમ જમા થાય તે પણ ધ્યાન રાખે છે. સરપંચ, તલાટી અને ગામના લોકો સાથે રહી આ કુટુંબોને રોજગારી અપાવે છે. સુંદલબેનની ઉંમર 65 વર્ષની છે અને સંગઠનમાં વિવિધ તાલીમો મેળવી છે.

કચ્છ જિલ્લામાં મનરેગા હેઠળ કામો ચાલતા હતા. તેમાં લખપત તાલુકાના ખડક, બેખડા અને મીઠીપારી ગામમાં માટીકામ હેઠળ તળાવ ઊંડાં કરવાનું કામ ચાલુ હતું. વરસાદ આવ્યો ત્યારે કામ બંધ થઈ ગયું. પણ ખડક ગામના સુખાભાઈ દયાપરે સેવા સેન્ટર પર આવી જણાવ્યું કે, જુલાઈ માસના અંત સુધી આમારા ગામનું કામ ચાલું હતું, 45 સભ્યો તળાવ ઊંડું કરવાનું કામ કરતાં હતાં. છેલ્લા બે માસનું ચૂકવણું થયું નહોતું. તેના માટે સેવા દ્વારા સંકલન કરતા તાલુકા પંચાયત, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીમાં તપાસ કરતા જાણ્યું કે, તેમના ખાતાં દેના બેંકમાં હતા અને તે ખાતાના નંબર બદલાવાના કારણે તેમનું ચૂકવણું રહી ગયું અને આ બેંક પણ બેંક ઓફ બરોડામાં વિલીન થઈ ગઈ તેના કારણે ચૂકવણામાં વિલંબ થયો હતો. પરિણામે સંગઠન દ્વારા રજૂઆત કરતા બહેનોના ચૂકવણા થયા. એક બેનને સરેરાશ 5000થી 6000 સુધી ચૂકવણું મળ્યું. આ રીતે કુલ 199 સભ્યોને આ ચૂકવણું મળી ગયું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના મહામારી કોવિડ-19 સમયગાળા દરમિયાન રોજગારીનું કોઈ જ કામ ન હતું અને આ ગામોમાં જે બહારગામ કમાવા ગયા હતા તે પણ પરત આવેલાં અને વળી મોંઘવારી અને કોરોના મહામારીનો ડર. આવી પરિસ્થિતિમાં બે ટાઈમ જમવાનું શું એનો સવાલ, વળી તે સમયે દુકાનદાર પણ ઉછીનું ન આપે. બીજું રેશનની દુકાનમાં ઘઉં, ચોખા, ચણા આપતા પણ બીજી વસ્તુ ક્યાંથી લાવવી? આવી પરિસ્થિતિમાં ગામોમાં બધાને રોજગારી મળી રહે તે માટે ગ્રામ પંચાયત જોડે રહી ધ્રાંગધ્રા તાલુકામાં કૂડા, નરાળી અને પાટડી તાલુકાનાં રોજવા પાડીવાળા સુરેલ ગામમાં મનરેગા યોજના હેઠળ કામો શરૂ કરાવ્યા. જેમાં 872 પરિવારોને બે મહિના સતત કામ મળ્યું અને એક પરિવાર મહિનામાં 4500 રૂપિયાથી 5200 રૂપિયા જેટલું મનરેગા કાર્યક્રમમાંથી કમાયા અને આ સંકટ સમયે આ રોજગારી દ્વારા પરિવારમાં બે ટાઈમ પેટ ભરીને જમી શક્યા. ગ્રામ પંચાયત દ્વારા સેવા સંગઠનનો આભાર માન્યો કે તાત્કાલિક મનરેગા કાર્યક્રમ અંતર્ગત આયોજન બનાવી મંજૂરી મેળવી કામ શરૂ કરાવ્યું. જેથી ગામના લોકોને દેવું કર્યા વગર સમય કપરો નીકળી ગયો.

મહેસાણા જિલ્લામાં બહેનોને રોજગારી મળી રહે તે માટે 10 સભ્ય બહેનોએ કામ માટે તાલુકામાં અરજી આપી. તેથી મનરેગાના કામો ચાલું થયા તેમાં કૂવા રિચાર્જ, માટીપુરાણ, માટીકામ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો.

આલમપુર ગામના 17 બહેનો તળાવ ઊંડું કરી માટી કાઢવાનું કામ કરતા અને બીજા 16 બહેનોએ માટીનું પુરણ કરવા માટે કબ્રસ્તાનમાં માટી નાખી રોજગારી મેળવી. તેમને એક દિવસના 198 રૂપિયા લેખે દરેક બહેને દોઢમાસની કામગીરી પૂર્ણ કરી. સભ્ય બહેનના દિકરા ફૈયાઝભાઈએ આગેવાની લઈ કામ પૂર્ણ કરાવ્યું અને દેલ્લા ગામની સ્કૂલમાં બ્લોક નાખ્યા. તેથી બહેનોને 6000થી 8000 રૂપિયાની રોજગારી મળી. આ પૈસા બહેનોને ખરા સમયે ઘણાં ઉપયોગી થયા.

પાટણ જિલ્લામાંના બામરોલી ગામમાં દરેક કુટુંબ ગરીબ છે. તે કુટુંબને 90 દિવસની રોજગારી મળી છે. તેમાં 200 રૂપિયા રોજ લેખે 10 દિવસની રોજગારી તેમના ખાતામાં જમા થયા. 1 સભ્યને 10 દિવસના 2000 રૂપિયા જમા થયા.

ખેતરમાંથી પાક લેવાઈ જાય પછી મનરેગાના કામમાં હવે ખેતરના બંધપાળાનું કામ ચાલું થવાનું છે. મિટીંગ થઈ ગઈ છે. હવે ફરી કામ ચાલું થશે.

છોટા ઉદેપુર જિલ્લામાં કોરોના મહામારીના કારણે રોજગારીની અછત સમયે રાજપુર ગામમાં એપ્રિલ, જૂન સુધીમાં બહેનોએ માટી અને મેટલનું કામ કર્યું. તેમાંથી એક બહેનને 6000 રૂપિયાની આવક થઈ. હવે મનરેગા હેઠળ આંગણવાડીનું મકાન બનાવવાની કામગીરી શરૂ થવાની છે. તેમાં પણ કામ મળશે. સેવા દ્વારા અહીં જુદા-જુદા ગામોમાં મનરેગાના કામો મળે તે માટે ગ્રામ પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં સંકલન કરવામાં આવી રહ્યું છે. આ માટેનું આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

ખરા ટાણે મનરેગા આશીર્વાદરૂપ બન્યું. જરૂરિયાત પ્રમાણે ગામોમાં હજુ મનરેગાના કામો ગોઠવાય એવી માંગ છે.

**– ભારતી ભાવસાર**

❑

# વાપરો વિચારીને

*વાપરો વિચારીને, વાપરો વિચારીને*
*કયું કાપડ? કયો આહાર? કયું પાણી? વીજળી કઈ?*
*વાપરો વિચારીને...*

*ઝેરી દવા છાંટી તમે ભૂમિ ઝેરી કરી રહ્યા,*
*અન્ન ઝેરી, દૂધ ઝેરી, વસ્ત્ર ઝેરી, તેલ ઝેરી,*
*વનપવન ઝેરી થયાં, જળ જીવન ઝેરી થયાં.*
*વાપરો વિચારીને...*

*ખેતરોમાં ફેરવ્યા ટ્રેક્ટરોને ટ્રોલીઓ*
*ખેતરોને ફાળવ્યા યુરિયા એમોનિયા*
*છાણ ગયાં... ઝાડ ગયાં... ભૂમિ વેરાન થઈ ગઈ*
*વાપરો વિચારીને...*

*ઠેર ઠેર બોર કર્યા, મોટરો અનેક મૂકી*
*૪૦૦૦ વર્ષ જૂનું પાણી બધું ચૂસી લીધું,*
*તોયે તરસ ના છીપી, જિંદગી ધૂળ-ધાણી થઈ.*
*વાપરો વિચારીને...*

*પહેરવેશ એવાં થયાં ખુજલી સઘળે થાય અરે...*
*રંગરેષા એવાં થયાં મલક બધા દૂષિત થયા,*
*રોગ વધ્યા, ભોગ વધ્યા, અકાળે સહુ વૃધ્ધ થયાં.*
*વાપરો વિચારીને...*

*સાઈટ પર ફેરવ્યા ટ્રેક્ટરોને ટ્રોલીઓ,*
*સાઈટો પર સિમેન્ટ વાપર્યા, રેતી વાપરી,*
*ઘર બન્યા, ઝાડ ગયા, જમીન ગઈ ભૂમિ પર ભાર થયો,*
*વાપરો વિચારીને...*

**— રમીલા પરમાર**
'સંગઠન વડા'
૧૭, ફેબ્રુઆરી, ૨૦૨૧

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6-3-2021

**અનસૂયા**

- ૩૯માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-3-2021

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001